અપીલ અરજી નં.૬૮૨ તા.૧૨–૩–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને
તત્કાલીન જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૩૦–૧–૧૨ની અરજીથી ૨૩ એ/રે.સ.નં. ૭૨, પ્લોટ નં. ૧૪૦ એ, ૧૪૦ બી, ૧૪૧ એ, ૧૪૧ બી, ૧૪૨ એ, ૧૪૨ બી, ૧૪૩, ૧૪૪, ૧૪૪એ પર ચાલતાં મિનરલ વોટર પ્લાન્ટ બાબત મુદ્દા નં. (૧)ઉપરોકત સ્થળે ચાલતાં મિનરલ વોટર પ્લાન્ટવાળી મિલ્કતોના હેતુફેર(કોમર્શિયલ કે ઈન્ડસ્ટ્રીયલ હેતુમાં) કરતા પત્રોની નકલો તથા આ મિલ્કત હેતુફેર કરવા બદલ આપના વિભાગે જે રકમ વસુલ કરી હોય તેની નકલ સહિતની વિગતવાર માહિતી આપશો વિ. મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૮૨/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૩૦–૧–૧૨ની અરજીથી ૨૩ એ/રે.સ.નં. ૭૨, પ્લોટ નં. ૧૪૦એ, ૧૪૦બી, ૧૪૧ એ, ૧૪૧બી, ૧૪૨એ, ૧૪૨બી, ૧૪૩, ૧૪૪, ૧૪૪એ પર ચાલતાં મિનરલ વોટર પ્લાન્ટ બાબત મુદ્દા નં. (૧) ઉપરોકત સ્થળે ચાલતાં મિનરલ વોટર પ્લાન્ટવાળી મિલ્કતોના હેતુફેર(કોમર્શિયલ કે ઈન્ડસ્ટ્રીયલ હેતુમાં) કરતા પત્રોની નકલો તથા આ મિલ્કત હેતુફેર કરવા બદલ આપના વિભાગે જે રકમ વસુલ કરી હોય તેની નકલ સહિતની વિગતવાર માહિતી આપશો વિ. મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા સાથે વિશેષતઃ ફુડ કે ગુમાસ્તા લાયસન્સ અગર નોંધણી પ્રમાણપત્રની અનુપસ્થિતિમાં કચેરી દફતર રજીસ્ટર આધારની માહિતીની પ્રાપ્યતા –ઉપલબ્ધતા અંગે પણ પ્રકાશ પાડવા નં.આરટીઆઈસેલ/ ૨૦૩૩ તા. ૨૦–૩–૧૨ થી** સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ઈ.ચા. ડે.કમિ. (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને , તત્કાલીન જાહેર માહિતી અધિકારી (આરોગ્ય) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી તા. ૩૧–૩–૧૨ થી અત્રે મળેલ પૂરક વિગતમાં અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.પીએચડી/ફુડ/૧૩૯૪ તા.૨૭–૨–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન કક્ષાએથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૩૦–૧–૧૨ ની અરજીથી ૨૩ એ/રે.સ.નં. ૭૨, પ્લોટ નં. ૧૪૦એ, ૧૪૦બી, ૧૪૧ એ, ૧૪૧બી, ૧૪૨એ, ૧૪૨બી, ૧૪૩, ૧૪૪, ૧૪૪એ પર ચાલતાં મિનરલ વોટર પ્લાન્ટ બાબતે હેતુફેર બાબતેની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને સંબોધતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી કોમ્પ્યુટર રીપોર્ટ જોતાં જાહેર માહિતી અધિકારી આરોગ્ય વિભાગને તથા કાર્યપાલક ઈજનેરલીંબાયતઝોનને અરજી તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ ન મળવાથી તા. ૧૨–૩–૧૨ નારોજ અપીલ અરજી કરવામાં આવેલ છે.જેના અનુસંધાને જાહેર માહિતી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/૧૩૯૪ તા. ૨૭–૨–૧૨ થી અરજદારને

માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં. (૧)ઉપરોકત સ્થળે ચાલતાં મિનરલ વોટર પ્લાન્ટવાળી મિલ્કતોના હેતુફેર(કોમર્શિયલ કે ઈન્ડસ્ટ્રીયલ હેતુમાં) કરતા પત્રોની નકલો તથા આ મિલ્કત હેતુફેર કરવા બદલ આપના વિભાગે જે રકમ વસુલ કરી હોય તેની નકલ સહિતની વિગતવાર માહિતી આપશો . મુદ્દાનં.(૨) સદર મિલ્કતના ઉપરોકત પ્લોટ નંબરો પૈકીના કયા કયા પ્લોટ પર કેટલા કેટલા ઈંચના પાણીના જોડાણો તથા ડ્રેનેજ લાઈનો આપેલછે તેની પ્લોટ નંબર વાઈઝ વિગતવાર માહિતી આપશો. તથા સદર પ્લોટો પર નળ તથા ડ્રેનેજ લાઈનના જોડાણ માટે મિલ્કતધારક ધ્વારા આપના વિભાગમાં જે જે ડોકયુમેન્ટ રજૂ કરવામાં આવ્યા હોય તેની નકલો આપશો. મુદ્દાનં.(૩) સદર મિલ્કતના ઉપરોકત પ્લોટો પર હાલમાં મિનરલ વોટરનો પ્લાન્ટ ધમધમી રહયા છે તો આ મિનરલ વોટરના પ્લાંટને ગુમાસ્તાધારા વિભાગ આરોગ્ય વિભાગ તથા ફુડ વિભાગ તરફથી આપવામાં આવેલપરમીશન પત્રની નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી પ્લોટ નં.૧૪૩/૧૪ ૪, અવધુતધામ સોસા. મોડલ ટાઉન પાસે પર્વત પાટીયા સુરત ખાતે આવેલ " સ્વીટ વોટર" નામની સંસ્થાને પી.એફ.એ.એકટ હેઠળનું લાયસન્સ નં. PFA/SEZ/04/108 આપવામાં આવેલછે. લાયસન્સ જે તે અરજદાર પાસે હોય તેની નકલ આપી શકાય તેમ નથી અન્ય પ્લોટ પરની આવી માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલછે. મુદ્દા નં.(૪) સદર મિલ્કતના ઉપરોકત નંબરના પ્લોટ પર પાણીના જોડાણો તથા ડ્રેનેજ લાઈનના જોડાણ માટે આપના વિભાગ તરફથી આપવામાં આવેલ પરમીશન પત્રની નકલો આપશો તથા આ જોડાણો કયા અધિકારીના આદેશથી તથા કયા કોન્ટ્રાકટર ધ્વારા જોડવામાં આવ્યા તેની નામ સરનામા સહિતની વિગતો આપશો તથા આ જોડાણ માટે લીંબાયતઝોન ધ્વારા પ્લોટ વાઈઝ કેટલી કેટલી રકમ વસુલ કરવામાં આવી તેની વિગતવાર માહિતી આપશો. જે અંગે લીંબાયતઝોન તરફથી અરજદારને મુદ્દા નં.૧, ૨, તથા ૩ અંશતઃ અને ૪ બાબતે માહિતી પૂરી પડાયેલ જણાતી નથી તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટનીકલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈકારણ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૨–૩–૧૨ ધ્યાને લેતાં ૧૦–૦૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૩૦–૧–૧૨ ની અરજી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી મુદ્દા નં.૧,૨,૩ અંશતઃ તથા ૪ ની નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર(સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,

(૧) સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતાઝોન), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ફુડવિભાગ) , ...જાણ તથા અમલ માટે .

(૨) શ્રી રમેશ કે. જાંગીડ,